**DN-001-001627** Seat No. ________

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March – 2022**

## Gujarati : Paper - 22

*(અપઠિત) (Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.
(૨) બધા ઉત્તરના ગુણ **સરખા** છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **14**

તે પૂછ્યો પ્રેમનો મર્મ
અને હું દઈ બેઠો આલિંગન,
જ્યાં પ્રથમ મેઘ વરસ્યો
સરિતાઓ તોડ્યા તટનાં બંધન.
કોઈ અગોચર ઈજન દીઠું નયન ભૂમિને પ્રાંગણ,
હું સઘળી મોસમમાં માણું એક અહર્નિશ ફાગણ
શતદલ ખીલ્યાં કામ્ય કમળ પર
સૌમ્ય ગીતનું ગુંજન.
નીલ વર્ણનું અંબર એમાં સોનલવરણી ટીપકી,
વીંધી શ્યામલ ઘટા પલકને અંતર વીજળી ઝબકી
નયન ઉપર બે હોઠ આંકતા
અજબ નેહનું અંજન

**- હરીન્દ્ર દવે**

**અથવા**

ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલાં વરસાદ સમુ આવવું
        હવે આંખોને કેમ રે ભૂલાવવું.
        બળતે બપ્પોર ભીનો પગરવ સુણીને
        કાંઈ વાસ્યાં કમાડ અમે ખોલ્યા.
        ચારે આંખોના એવા અંધાર્યા વાદળાં
        કે શમણે આવેલ મોર બોલ્યાં.
ઓચિંતા ધોધમાર સામસામે આપણે ઊભા રહ્યાંનું પૂર આવવું.
        ફળીયે પલાશફૂલ નીતરતું ઝાડ
        અને હું રે વેરાઈ જડું રાનમાં
        મારી હથેલીમાં ય એવી રેખાઓ
        જેવી રેખા છે ખાખરાના પાનમાં
લીંબોળી વાવીને છાંયડા ઉછેરું પણ ચોમાસું કેમ કરી વાવવું
ફાગળની કાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલાં વરસાદ સમુ આવવું
        હવે આંખોને કેમ રે ભૂલાવવું.

**- રમેશ પારેખ**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવા પારાયણ, પ્રેમ પૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી ભાવના છે. તેનું શબ્દ શરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ, સાહિત્ય એ જીવનની છાયા છે. જીવનની સુંગધ છે.

**- કાકા સાહેબ કાલેલકર**

**અથવા**

સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મરતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે. આથી તેમાં જૂની મૂડી પર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યનાં શિક્ષકની પહેલી શરત એ છે કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઈએ. સાહિત્યનાં મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂઝનાં બળે અંગુલી નિર્દેશ કરવો, એટલું જ નહિ, પણ એ શક્યતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા અરજવામાં પોતાની અધ્યયન પ્રવૃત્તિને ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ હોવો જોઈએ.

**- સુરેશ જોશી**

3 નીચેના નિબંધો લખો : 14

દૃશ્ય - શ્રાવ્ય માધ્યમો અને પ્રશ્નો

**અથવા**

સાંપ્રત શિક્ષણની સમસ્યાઓ.

4 નીચેના નિબંધો લખો : 14

સાહિત્ય અને જીવન મૂલ્યો

**અથવા**

સાહિત્ય અને સમાજાભિમુખતા.

5 નીચેના ચારમાંથી કોઈ **બે**ના જવાબ આપો : 14

(1) નવી પેઢીના પ્રશ્નો

(2) સાહિત્ય અને ધર્મ

(3) સાહિત્ય અને ટીવી

(4) જીવનમાં સાહિત્યનું સ્થાન.